BRAMPTON **Service and Information Update**

# COVID-19 સામે પ્રતિક્રિયા કરવામાં બ્રેમ્પટન ટ્રાન્ઝિટ સર્વિસમાં માર્ચ 1, 2021 થી અમલી ફેરફારો

બ્રેમ્પટન, ઓન્ટેરિયો (ફેબ્રુઆરી 18, 2020) – આપણી ટ્રાન્ઝિટ સિસ્ટમ શહેરની આસપાસ લોકોને કાર્યક્ષમ રીતે હેરફેર કરાવી શકતી હોવાની ખાતરી કરવા, નીચેના બ્રેમ્પટન ટ્રાન્ઝિટ રૂટ્સના સમયપત્રકો માર્ચ 1, 2021 થી આગળ સૂચના આપવામાં ન આવે ત્યાં સુધી અનુકૂળ કરવામાં આવશે:

- **2 મેઇન** – વીકડે (અઠવાડિક કામકાજના દિવસો), શનિવાર અને રવિવારના સમયપત્રકો
- **6 જેમ્સ પોટર** – વીકડેઝ અને શનિવારના સમયપત્રકો
- **11 સ્ટીલ્સ**– વીકડેઝના સમયપત્રકો
- **12 ગ્રેનોબલ** – વીકડેઝના સમયપત્રકો
- **15/15A બ્રેમલી** – વીકડેઝના સમયપત્રકો
- **16 સાઉથગેટ** – વીકડેઝના સમયપત્રકો
- **24 વેનકર્ક** – વીકડેઝના સમયપત્રકો
- **25 એડેનબ્રૂક** – વીકડેઝના સમયપત્રકો
- **29/29A વિલિયમ્સ** – વીકડેઝ, શનિવાર અને રવિવારના સમયપત્રકો

કૃપા કરી પ્રવાસ કરતા પહેલાં રૂટના સમયપત્રકો તપાસો. બ્રેમલી, બ્રેમ્પટન ગેટવે અને ડાઉનટાઉનમાં ટર્મિનલ બિલ્ડિંગના કામકાજના કલાકો સવારે 6 થી રાત્રે 9 વાગ્યા સુધી છે. ટ્રિનિટી કોમન ટર્મિનલ બંધ રહે છે. ટર્મિનલ્સમાં ગ્રાહક સેવાના કલાકો માટે વેબસાઈટ જુઓ, www.bramptontransit.com. આપણે સૌએ આપણાં સમુદાયને સુરક્ષિત રાખવા આપણો ભાગ ભજવવાની જરૂર છે. કૃપા કરી યાદ રાખશો:

- ટર્મિનલ્સ પર અને બસોમાં ફેસ કવરિંગ્સ કે નોન-મેડિકલ માસ્ક્સ પહેરવા અનિવાર્ય છે – તબીબી સ્થિતિઓ સહિત માફી ચોક્કસ લાગુ પડે છે. ફેસ કવરિંગ્સથી તમારું નાક, મોઢું અને દાઢી બધાં સમયે ઢંકાયેલું હોવું જોઈએ.
- ટર્મિનલ્સ અને બસ સ્ટોપ્સ પર માસ્ક પહેર્યો હોય તો પણ, વ્યક્તિઓ વચ્ચે શારીરિક અંતર જાળવો.
- પ્રવાસ કરતી વખતે તમારું પોતાનું અંગત ડિસઈન્ફેક્ટન્ટ (ચેપનાશક પદાર્થ), જેમ કે હેન્ડ સેનિટાઇઝર કે વાઈપ્સ સાથે રાખો, અને પોતાના હાથ અવારનવાર ધોતા રહો.
- જો તમે બીમાર હો તો, કૃપા કરી ટ્રાન્ઝિટમાં સવારી કરવાનું ટાળો. તમારાથી સૌથી નજીકની COVID-19 એસેસમેન્ટ સાઇટ પર પરીક્ષણ કરાવા ચોક્કસ રહો અને જાહેર આરોગ્ય સૂચનો અનુસરો.

## COVID-19 સુરક્ષા ઉપાયો

વધારે સારી સફાઈ અને સ્વચ્છતા (સેનિટાઈઝિંગ) સમયપત્રક અમલમાં રહે છે. બ્રેમ્પટન ટ્રાન્ઝિટનું લક્ષ્ય દર 48 કલાકે તમામ સખત સપાટીઓ, ઓપરેટર કમ્પાર્ટમેન્ટ્સ અને બેઠકોને ચેપરહિત કરવાનું છે. મોટા ભાગની બસોને હાલમાં દર 24 કલાકે સેનિટાઇઝ કરવામાં આવે છે. સખત સપાટીઓ ધરાવતી સગવડો અને ટર્મિનલ્સને રોજીંદા ધોરણે સાફ અને સેનિટાઇઝ કરવામાં આવે છે.

પીલ પબ્લિક હેલ્થના માર્ગદર્શન પ્રમાણે, ઉતારુઓને યાદ અપાવવામાં આવે છે કે બસોમાં અને ટર્મિનલ્સ પર નોન-મેડિકલ માસ્ક્સ પહેરવા અનિવાર્ય બને છે. સીટી ઓફ બ્રેમ્પટન જોખમો પર દેખરેખ ચાલુ રાખવા પીલ પબ્લિક હેલ્થ અને બ્રેમ્પટન ઈમરજન્સી મેનેજમેન્ટ ઓફિસમાંના પોતાના ભાગીદારો સાથે ઘનિષ્ઠપણે કામ કરી રહ્યું છે.

The Corporation of The City of Brampton
2 Wellington Street West, Brampton, ON L6Y 4R2 311 TTY: 905.874.2130

અદ્યતન માહિતી નિયમિત મેળવવા વેબસાઈટ www.brampton.ca/COVID19 અને www.bramptontransit.com જોતા રહો અથવા સર્વિસ અપડેટ્સ માટે Twitter પર @bramptontransit ને અનુસરો. કોઇ પ્રશ્નો સીધા બ્રેમ્પટન ટ્રાન્ઝિટના સંપર્ક કેન્દ્રને 905.874.2999 નંબર પર પૂછી શકાય છે.

-30-

**મિડિયા સંપર્ક :**
મોનિકા દુગ્ગલ (Monika Duggal)
કોઓર્ડિનેટર, મિડિયા એન્ડ કમ્યુનિટી એંગેજમેન્ટ
વ્યૂહાત્મક સંવાદ
સીટી ઓફ બ્રૅમ્પટન
905-874-3426 | Monika.Duggal@brampton.ca